# અરવલ્લી જિલ્લામાં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે તડામાર તૈયારીઓ

## મોડાસા સાંઈ મંદીર હોલમાં યોગ દિન નિમિત્તે પ્રાથમીક શાળા અને હાઈસ્કુલના શિક્ષકોને યોગ તાલીમ

ભિલોડા,તા.૧૭

ભારતીય યોગ પ્રાણાયામ પરંપરા આજે વૈશ્વિક બની છે.સમગ્ર વિશ્વમાં તા.૨૧મી જુન યોગ દિવસ તરીકે ઉજવાય છે.ત્રીજા આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત જીલ્લાભરમાં તાડામાર તૈયારીઓ ઠેર-ઠેર ચાલી રહી છે. જાગૃત પ્રજાજનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. ઝડપી અને તણાવગ્રસ્ત જીવન શૈલીમાં યોગ પ્રાણાયામ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને જાળવી રાખે છે.યોગ પ્રાણાયામથી ઘણી બધી બિમારીઓ ઉપર કાબુ અને લાભ મેળવી શકાય છે.

આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત તાડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા સાંઈ મંદીર હોલમાં યોગ દિન નિમિત્તે પ્રાથમીક શાળા અને હાઈસ્કુલના શિક્ષકોને યોગની તાલીમ અપાઈ હતી.

જીલ્લા શિક્ષણાઅધિકારી એ.પી.ઝાલા, ડી.એસ.ઓ. હર્ષાબેન ઠાકોર, પતંજલી યોગ વિજ્ઞાન સમિતી, જીલ્લા મહીલા સંયોજક પ્રભારી ઉર્વશીબેન બરંડા, તાલુકા પ્રભારી હસમુખભાઈ બરંડાએ જણાવ્યું હતું કે તા.૨૧ જુને વિશ્વ યોગ દિનની ઉજવણી સંદર્ભે તાડામાર તૈયારીઓના ભાગ રૂપે મોડાસા સાંઈ મંદીર હોલમાં યોગ પ્રાણાયામની તાલીમ આપવામાં આવતાં પ્રાથમીક શાળા, હાઈસ્કુલના શિક્ષકો ઉત્સાહભેર જોડાયા હતા. યોગ-પ્રાણાયામની તાલીમ શિબીરમાં શિક્ષકોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.



# પ્રધાનમંત્રી મોદી ૩૦મીએ અરવલ્લી પધારશે

## જિલ્લાવાસીઓની વર્ષો જુની લોક માંગણીનો ઉકેલ આવે તેવી આશા

અરવલ્લી, તા. ૧૭

દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી ૩૦ જૂને અરવલ્લી જિલ્લાની ધરતી પર વડાપ્રધાન બન્યાના ૩ વર્ષ પછી પ્રથમવાર આવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લાનો વિકાસ વેગવંતો બનશે અને જિલ્લાની તાતી જરૂરીયાત એવી લોક ઉપયોગી વર્ષો જુની માંગો સ્વીકારવામાં આવે તેવી જીલ્લાવાસીઓ દ્વારા માંગ કરાઈ રહી છે. અરવલ્લી જિલ્લામાં ઉદ્યોગો સ્થપાય અને જિલ્લાના પ્રજાજનોને રોજગારી મળે તે ખૂબ જ અનિવાર્ય છે.

૩૦મી જૂનના રોજ અરવલ્લી જિલ્લાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રવાસ ખેડી રહ્યા છે ત્યારે જિલ્લા મથકની તમામ સરકારી કચેરીઓ સહિત વર્ષો જૂની લોક માંગણીઓ સ્વીકારવામાં આવશે તેવો આશાવાદ પેદા થયો છે. જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે મોડાસા સહિત જિલ્લાના વિવિધ મથકોએ પ્રવાસ ખેડ્યો હતો અને લોકો દ્વારા જિલ્લાની વિવિધ માંગણીઓ અંગે અનેકવાર રજૂઆત કર્યા બાદ કેટલીક માંગો સ્વીકારાઈ હતી. પરંતુ અરવલ્લી જિલ્લામાં મુખ્યત્વે આદિવાસી, બક્ષીપંચ અને દલિત સમાજની વસતી વધુ છે અને જિલ્લાની પ્રજા ખેતીની આવક પર નિર્ભર રહે છે ત્યારે આરોગ્યલક્ષી સેવાઓ માટે સિવિલ હોસ્પિટલના અભાવે નછૂટકે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવી પડતી હોવાથી મોંઘી સારવારથી જિલ્લાના પ્રજાજનોની કમ્મર ભાંગી જાય છે જેથી જિલ્લાના લોકોને મફત અને સસ્તી સારવાર ઉપલબ્ધ થાય તે માટે જિલ્લામથક મોડાસા શહેરમાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ કરવાની તાતી જરૂરીયાત છે. જિલ્લાના શહેરી વિસ્તારોમાં ઓનલાઈન પીએનજી ગેસ લાઈન મળી રહે તો એલપીજી બાટલાની ઝંઝટમાંથી છૂટકારો મળી રહે. જિલ્લાના વિકાસ માટે આઝાદી પછી અત્યાર સુધી બ્રોડગેજ રેલવે લાઈનથી દૂર રાખવામાં આવ્યો છે. નડીયાદ-કપડવંજ રેલવે લાઈન ટીંટોઈ સુધી લંબાવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને અમદાવાદ-મોડાસા-મેઘરજ-બાંસવાડા(રાજસ્થાન) સુધી રેલવે લાઈનની માંગણી સાથે લંબાવવામાં આવે તે ખુબ જરૂરી છે. જિલ્લાના મેઘરજ, માલપુર, ભિલોડા તાલુકાને સિંચાઈનો લાભ મળે અને નર્મદાના નીર મળે તે ખૂબજ જરૂરી છે. મોડાસા શહેર બસસ્ટેન્ડ પાછળ આવેલી જુની મામલતદાર કચેરી કરોડો રૂપિયાના નિર્માણ પછી મામલતદાર કચેરી જિલ્લા સેવાસદન ખાતે ખસેડાતા ધૂળ ખાઈ રહી છે તો જિલ્લા મથકની જરૂરીયાત હોવા છતાં સાબરકાંઠા જિલ્લા સાથે સંલગ્ન જિલ્લા મથકની કચેરીઓ છૂટી કરી આ બીલ્ડીંગમાં તબદીલ કરવામાં આવે તો તેનો લાભ જિલ્લાવાસીઓને મળે અને ભાડાની બચત થાય.

# ખેલાડીઓ માટેની ડી.એલ.એસ.એસ. યોજના બંધ કરવા કેટલીક શાળાઓની રજુઆત

## યોજના સારી છે પરંતુ આયોજનના અભાવે રમતવીર વિદ્યાર્થીઓને લાભ મળ્યો નહિ

સવગઢ, તા. ૧૭

ગુજરાત સરકારની રમતવીર વિદ્યાર્થીઓ માટેની ડી.એલ.એસ.એસ. યોજના બંધ કરવા માટે સેન્ટ ઝેવિયર્સ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા રમતગમત મંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરી યોજનામાં સુધારા કરવા સુચના મોકલી આપ્યા છે.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આચાર્ય ફાધર ટેલેસ ફર્નાંડિસના જણાવ્યા મુજબ સરકારની ડી.એલ.એસ.એસ. યોજના હેઠળ શાળા તરફથી ઉનાળુ વેકેશનમાં કેમ્પ રાખવામાં આવ્યો હતો. પરંતુ તેનુ કોઈ પરિણામ મળ્યુ ન હતુ. આ યોજનાના કારણે શાળાએ સારા ખેલાડીઓ ગુમાવ્યા છે. શાળાના ખેલાડીઓએ સન ૨૦૧૬-૧૭ના ખેલ મહાકુંભમાં જિલ્લામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી અસંખ્ય મેડલ મેળવી રૂ. ૧ લાખના ઈનામો પ્રાપ્ત કર્યા હતા.

વધુમાં પ્રિ. ફાધરે રજુઆતમાં સુચનો કરતાં જણાવ્યુ છે કે જો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને સગવડો પોતાની શાળામાં પુરી પાડવામાં આવે તો બીજી શાળામાં મોકલવાની જરૂર પડતી નથી, શાળામાં રમત-ગમતના સાધનો ઉપલબ્ધ કરાવવા, ખેલાડીઓ માટે યોગ્ય આહાર અને વ્યાયામ વિભાગ ખેલાડીઓ માટે નોડેલ્સ શાળામાં ઉપલબ્ધ કરવા જોઈએ. ખેલાડીઓની કેળવણી માટે સમય અનુસાર નિષ્ણાંતોની દેખરેખ અને મુલ્યાંકન થાય તે જરૂરી છે. સરકાર દ્વારા ચાલી રહેલ ડી.એલ.એસ.એસ. યોજના બંધ કરવામાં આવે અને ખેલાડીઓને પોતાની શાળામાં પાછા મોકલવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

### ખેડબ્રહ્મામાં જીન પાછળ ગોડાઉનમાં આગ

ખેડબ્રહ્મા શહેરના સિગ્નલકંપા રોડ પર સહકારી જીન પાછળ આવેલા ગોડાઉનોમાં શનિવાર બપોરના સમયે અચાનક આગ લાગી જતા અફરાતફરી મચી ગઈ હતી. ખેડબ્રહ્મા સહકારી જીન પાછળના ગોડાઉનોમાં જુદા જુદા ગોડાઉન આવેલા છે. તેમાં વેપારીઓ દ્વારા માલ ભરવામાં આવે છે. શનિવાર બપોરે ગોડાઉનની પાછળ ખુલ્લા ભાગમાં કોઈએ કચરો સળગાવતા તેનાથી વેલ સળગી ગોડાઉનના પાછળના ભાગમાંથી આગ અંદર આવી જતાં એરંડાના ગોડાઉનમાં આગ લાગી હતી.

### ભિલોડા વિસ્તારમાં આદિજાતિ ગૌરવ વિકાસ યાત્રા

ભિલોડા, તા. ૧૭

રાજ્ય આદિજાતિ નિગમના અધ્યક્ષા રમીલાબેન બારા, ભાજપ અગ્રણી ગુણવંતભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપ ઉપપ્રમુખ અલ્પેશભાઈ ડાભીના વડપણ હેઠળ ગત ત્રણ દિવસથી પોશીના ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં ગુજરાત રાજ્ય આદિજાતિ નિગમ અને આદિજાતિ વિભાગ દ્વારા આદિજાતિ યોજનાઓને ગ્રામીણ સ્તરે પહોંચાડવાના ભાગરૂપે પોશીનાથી આરંભાયેલી આદિજાતિ ગૌરવ વિકાસ યાત્રા દ્વારા જનજાગૃતિ યાત્રા અંતર્ગત નૃત્ય નાટિકા દ્વારા વિજયનગરમાં આશ્રમ વિજયનગર બાલેટા ચિતરીયા પાલ ચિઠોડા કણાદર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ આપવામાં આવ્યા હતા.



### સબ જેલમાં યોગ શિબિર યોજાઈ

આજરોજ જિલ્લા કલેક્ટરની સુચનાથી સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર, બનાસકાંઠાના માધ્યમથી પાલનપુર સ્થીત સબજેલમાં ૩૦૦ કેદીઓને યોગ શીબીરની શરૂઆત કરવામાં આવી. ૨૧મી જુને જ્યારે સમગ્ર જિલ્લો યોગ દિવસની ઉજવણી કરી રહ્યો હશે ત્યારે તેની શરૂઆત કેદીઓને યોગ શીખવાડી નવતર અભિગમની શરૂઆત સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર દ્વારા કરવામાં આવી. જિલ્લા ચેરમેન ગૌરાંગ પાધ્યા, જેલ અધિક્ષક બી.કે. હાડા, જેલર ટી.વી. ચૌહાણ, માર્ગદર્શન પીયુષભાઈ તથા તેમની ટીમ દ્વારા આપવામાં આવ્યુ હતુ.

### પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ મુદ્દે જીલ્લા કોંગ્રેસે જીલ્લા કલેકટરને આવેદનપત્ર

પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ મુદ્દે જીલ્લા કોંગ્રેસે સિવિલ સંકુલ ાં ધરણા યોજી આરોગ્ય મંત્રીના વિરુધ્ધ માં ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા. બાદ જીલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. છેલ્લા કેટલાય સમયથી પાલનપુર સિવિલ હોસ્પિટલ એક ટ્રસ્ટને સોપવાની હિલચાલને લઈને ખાનગીકરણના વિરોધમાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. જીલ્લાની અગ્રીણ હરોળની સંસ્થાના ટ્રસ્ટની હસ્તક કરવા રાજ્ય સરકાર સાથે હસ્તાક્ષરની કાર્યવાહી ચાલી રહી છે. ખાનગીકરણને અટકાવવા માટે જીલ્લા કોંગ્રેસ દ્વારા સિવિલ સંકુલમાં ધરણા યોજ્યા હતા અને રાજયના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના વિરુધ્ધમાં ઉગ્ર સુત્રોચાર કરી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

# કાંકરેજ તાલુકાના ખીરાણા નજીક નાકાબંધી કરી પોલીસે વિદેશી દારૂ ભરેલ પીકપ ડાલુ પકડ્યુ

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજ તાલુકાના ખિમાણા પાસે આવેલ નવાપુરા પાસે બાતમીના આધારે એલસીબી તેમજ શિહોરી નીરજકુમાર બડગુજર તેમજ ૧૧૮ પો. ઈન્સ. જે.એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ એલસીબી પીએસઆઈ એચ.કે. મકવાણા હતી. તેમજ પીકઅપડાલાનો ચાલક જોધરામ કાનારામ કણબી (રહે. વાસણ, દેવડાલ સાકડ જાલોર)વાળાને પકડી પાડ્યો હતો.



પોલીસ દ્વારા નાકાબંધી કરી એક પીકપ ડાલાને રોકી અંદર તપાસ કરતાં જીરાની ભુકી ભરેલ બોરીઓ હતી. જેની નીચે વિદેશી દારૂની પેટીઓ હોઈ પોલીસ દ્વારા મુદ્દામાલ તેમજ આરોપીઓને શિહોરી પોલીસ સ્ટેશન ખાતે લાવી પ્રોહી એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર બનાસકાંઠા જિલ્લા પોલીસવડા તેમજ શિહોરી પીએસઆઈ બી.એમ. કરમટા તથા પોલીસ સ્ટાફ નરેશભાઈ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, ભરતભાઈ દ્વારા ખિમાણા નજીક આવેલ નવાપુરા પાસે બાતમીના આધારે નાકાબંધી કરી એક પિકપ ડાલુ જીજે.૮.વી.-૨૩૭૫ નંબરની ગાડીને રોકી તપાસ કરતા જીરાની ભુકી ભરેલ બોરીઓની નીચે વિદેશી દારૂની પેટીઓ મળી આવી મુદ્દામાલ તેમજ આરોપીને શિહોરી પોલીસ સ્ટેશન ખાતે લાવી મુદ્દામાલની ગણતરી કરતા વિદેશી દારૂ બોટલ નંગ- ૪૯૯૨ કિંમત રૂપિયા ૫,૮૫,૨૦૦ તથા પીકઅપડાલુ કિંમત રૂ. ૫ લાખ અને મોબાઈલ રૂ. ૫૦૦ એમ મળી કુલ ૧૦,૮૫,૭૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આરોપી વિરૂદ્ધ પ્રોહી એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

## એસ.ટી વિભાગ અને બનાસકાંઠા જીલ્લા યુવા-મોરચાના સહયોગથી

# જિલ્લાની ૧૮૦૦૦ બહેનો નિઃશુલ્ક બસના પાસ તેમની શાળા/કોલેજમાં મેળવશે

પાલનપુર, તા.૧૬

શાળા/કોલેજોનું સત્ર શરૂ થતા અભ્યાસ અર્થે ગામડેથી અપડાઉન કરતી બહેનોને અભ્યાસનો સમય વ્યથિત ના કરી બસના પાસ લેવા માટે ડેપોમાં ના જવું પડે એ હેતુથી બનાસકાંઠા એસ.ટી વિભાગ અને જીલ્લા યુવા-ભાજપના સહયોગથી બેટી બચાઓ બેટી-પઢાઓ આયામ અંતર્ગત જીલ્લાની ૧૮૦૦૦ બહેનોને એસ.ટી બસના પાસ નિઃશુલ્ક રીતે શાળા/કોલેજમાં આપવાના અભિયાનની શરૂઆત તા.૦૫/૦૬/૨૦૧૭ના સોમવારથી કરવામાં આવી છે. આજ દિન સુધી એટલે કે તા ૧૪/૦૬ સુધીમાં અંદાજે જીલ્લાની ૮૦૦૦ આઠ હજાર બહેનોને તેમની શાળા કોલેજમાં બસના પાસ એસ.ટી વિભાગના સહયોગથી જીલ્લા યુવા-ભાજપની ટીમ દ્વારા શાળા કોલેજમાં પહોચતા કરવામાં આવ્યા છે.



અત્રે ઉલ્લેખનીય છેકે સરકાર જયારે કન્યા કેળવણીને પ્રધાન્ય આપવા માટે પ્રયત્નશીલ છે ત્યારે, સરકાર દ્વારા બહેનોને અભ્યાસ અર્થે એસ.ટી ની મુસાફર નિઃશુલ્ક છે. માત્ર એમને આઈકાર્ડની રકમ ચુકવવાની હોય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અભિયાન "બેટી-બચાઓ બેટી-પઢાઓ"ને આગળ ધપાવવાના હેતુથી ભારતીય જનતા યુવા-મોરચો બનાસકાંઠા દ્વારા જીલ્લાની બહેનોને આપવી પડતી આઈકાર્ડની રકમ પણ જીલ્લાની ટીમ આપશે.

આજ રોજ આ કાર્યક્રમ અંતર્ગત કાણોદર એસ.કે એમ હાઈસ્કુલ મુકામે શાળાની ૧૭૦ દીકરીઓને નિઃશુલ્ક બસના પાસ આપવામાં આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લાના વિકાસ અધકારી શ્રી અમિત અરોરા, જિલ્લા યુવા-મોરચાના અધ્યક્ષ હરેશ ચૌધરી એસ.ટી વિભાગના ડી.સી શ્રી કલમ હસન, શ્રી સગર જાની, કાંતિ પટેલ, મહેન્દ્ર ચૌધરી હાજર રહ્યા હતાં.

### પાલનપુર સિવિલ હોસ્પિટલનો સિક્યુરીટી ગાર્ડ ફીટનેશ સર્ટી માટે ૫૦૦૦ ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો

જીલ્લા મથક પાલનપુર માં આવેલ સિવિલ હોસ્પિટલ માં વચેટીયા નું રાજ ચાલી રહ્યું હોવાની ઘટના આજે પ્રકાશ માં આવી છે સિવિલ ના તબીબો ની મિલીભગત ના લીધે સમાન્ય લોકો ના મહત્વ ના કામો માં હવે વચેટિયા ઓના માધ્યમ થી મસમોટા નાણા પડવાની બુમરાડ વધી રહી છે એવામાં ફીટનેશ સર્ટી માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ ના સિક્યુરીટી ગાર્ડ ૫૦૦૦ ની લાંચ લેતા એસીબી ના હાથે ઝડપાઈ જતા સિવિલ હોસ્પિટલ ના તબીબીમાં સનસની મચી ગઈ હતી સિવિલ હોસ્પિટલ માં તબીબો ના મધ્યસ્થી તરીકે વચેટીયા ની ભૂમિકા ભજવતા અને સિવિલ માં સિક્યુરીટી તરીકે ફરજ બજાવતા દિનેશ પરમાર એ તાજેતર માં પોલીસ ભરતી માં નોકરી મેળવનાર પહેલાદ દેસાઈ પાસે ૫૦૦૦ રૂપિયા માં ફીટનેશ સર્ટી આપી દેવાની ઓફર કરી હતી જો કે આંખ ની તકલીફ હશે તો ૧૨૦૦૦ રૂપિયા ની માંગણી કરી હતી આ બાબતે ફરિયાદી એ તેના મામા નો સંપર્ક કરી આખી ઘટનાની જાણ કરી હતી બાદ માં એસીબી માં સંપર્ક કરી પાલનપુર સિવિલ હોસ્પિટલ માં એસીબી એ વોચ ગોઠવી હતી તે દરમિયાન સિવિલ ના સિક્યુરીટી ગાર્ડ દિનેશ પરમાર ફરીયાદી પાસેથી લાંચ લેતા એસીબી હાથે રંગહાથ ઝડપાઈ ગયો હતો.




### ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા બેટી બચાવો અભિયાન

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા બેટી બચાવો અને બેટી વધાવો અભિયાન અંતર્ગત સુકા મેવાની કીટનું વિતરણ કરાયું હતું. મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં ગર્ભવતી મહિલાને પુત્રીનો જન્મ થાય ત્યારે ભારત વિકાસ પરીષદ શાખા,ભિલોડા ના સેવાભાવી કાર્યકર વલ્કેશભાઈ પટેલ ધ્વારા સુકા મેવાની કીટ દરેક મહિલાને આપવાનો સીલસીલો અવિરતપણે ચાલું છે. ભારત વિકાસ પરીષદ શાખા, ભિલોડા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, રામઅવતાર શર્મા, મુકેશભાઈ પંચાલ, શૈલેષભાઈ પાટીદાર, ડાં.એ.કે.ચૌધરી મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

# નડિયાદની એમ.પી.યુ.એચ.-કિડની હોસ્પિટલમાં દ્વિદિવસીય ટ્રાન્સપ્લાન્ટ સેમિનારનો પ્રારંભ

નડિઆદ, તા. ૧૭

દેશ અને દુનિયાભરમાં કિડનીના દર્દોના નિદાન-નિવારણ માટે સુપ્રસિદ્ધ નડિઆદની મૂળજીભાઈ પટેલ યુરકોલોજીકલ કિડની હોસ્પિટલમાં આજથી દ્વિદિવસીય કિડની ટ્રાન્સપ્લાન્ટ સેમિનારનો પ્રારંભ થયો હતો. જેમાં કિડની અને યુરોલોજી ક્ષેત્રના દેશ-વિદેશના ૧૨૫ જેટલા તબીબો ભાગ લઈ રહ્યા છે. જેમાં યુએસએ-ઓરેગન યુનિ.ના ડૉ. જ્હોન બેરી, બાંગ્લાદેશના ડૉ. તોહીદ હુસેન અને ઈજિપ્તના ડૉ. યાસર ઓસ્માન પણ ઉપસ્થિત રહ્યા હતા.

કિડની ટ્રાન્સપ્લાન્ટ સેમિનારના શુભારંભે એમ.પી.યુ.એચ.ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. મહેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે 'નડિઆદની મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની શરૂઆત ૪૦ વર્ષ પૂર્વે કરી હતી. અત્યાર સુધીમાં હોસ્પિટલે ૩૦૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન કર્યા છે. ત્યારે ચાર દાયકાની આ મજલ દરમિયાન કિડની ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે અનેક પરિવર્તન આવ્યા છે. રોબોટીક કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવી અત્યાધુનિક પદ્ધતિથી પણ હવે આ સારવાર શક્ય બની છે. પરંતુ દિવસે દિવસે આ ટેકનોલોજીના વિકાસ સાથે સારવાર વધુ ખર્ચાળ બનતી જાય છે. ત્યારે કિડનીવાંચ્છુ કોઈપણ દર્દીને તેને આર્થિક રીતે પરવડે તેવી સારવાર ઉપલબ્ધ બને તે જરૂરી છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે દેશ-વિદેશમાં સક્રિય તબીબો-ફેકલ્ટીઝના અનુભવોનો લાભ મળી રહે તે ઉદ્દેશથી અહી નડિઆદની કિડની હોસ્પિટલમાં આ સેમિનારનું આયોજન કરાવ્યું છે.